**મહિસાગરમાં સો વર્ષ જૂની પૂર્વજોની જમીન પર તંત્રનું જેસીબી ફરતા બે હજાર લોકોની રોજીરોટી પર સંકટ**

# ખારોલમાં જમીન વિવાદમાં ઊભા પાક પર બુલડોઝર ફેરવી હદ નક્કી કરતાં રોષ

**આદિજાતિ, ઓબીસી** અને મુસ્લિમ ખેડૂતોમાં ભારે આક્રોશ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૯

મહીસાગર જિલ્લાના ખારોલ (પાણિયાપૂરા) ગામમાં જમીન સંપાદનને લઈને એક મોટો વિવાદ વકર્યો છે. છેલ્લા સો વર્ષથી જે જમીન પર ગરીબ ખેડૂતો ખેતી કરીને પોતાના પરિવારનું ભરણપોષણ કરે છે, તે સર્વે નંબર ૫૮૯ વાળી જમીન સરકાર દ્વારા શાળા બનાવવા માટે ફાળવી દેવામાં આવતા ખેડૂતો પર આભ તૂટી પડ્યું છે.

ખારોલના ખેડૂતોનો આરોપ છે કે કોઈ પણ આગોતરી જાણ કર્યા વિના તંત્ર દ્વારા રાતોરાત ઊભા પાક પર જેસીબી ફેરવી, સર્વે કરી હદ નક્કી કરી દેવામાં આવી છે. આ જમીન પર વર્ષોથી આદિજાતિ, ઓબીસી અને મુસ્લિમ સમાજના આશરે ૪૬ ખાતેદારો અને ૨૦૦ જેટલા ખેડૂતો ખેતી કરી રહ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે આ જમીન પર તેમના કુવા, બોર અને વીજળીના મીટર પણ છે, તેમજ જમીન પર ધિરાણના બોજા પણ છે.

આ અંગે ગ્રામજનોના આક્ષેપ મુજબ, ખારોલ મુખ્ય ગામમાં જ સરકારી દવાખાના પાસે પૂરતી જમીન ઉપલબ્ધ હોવા છતાં, પંચાયતના કેટલાક પૂર્વ શાસકોએ પોતાના સ્વાર્થ ખાતર ગ્રામસભામાં કોઈ પણ જાતનો ઠરાવ કર્યા વિના જ, ખોટી રીતે આ શાળાને ૭ કિલોમીટર દૂર પાણિયાપૂરાની ખેડાણ વાળી જમીનમાં લઈ જવાની રજૂઆત કરી હતી. વર્તમાન સરપંચ વિજય બારીયાએ પણ જણાવ્યું છે કે જૂના સરપંચના સમયમાં થયેલા ઠરાવો ખોટા છે.



આ શાળા ખારોલ ગામની અંદર જ બને તો આસપાસના બોરડી, ધારાપુર, સાધરા જેવા ૧૦ ગામોની આશરે ૩૦ હજારની વસ્તીના વિદ્યાર્થીઓને ભણવામાં સરળતા રહે તેમ છે. ખેડૂતો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે ગરીબોને પાયમાલ કરીને ગામથી ૭ કિમી દૂર શાળા બનાવવાનો તર્ક શું છે? આ અંગે ખેડૂતોએ સાંસદ, ધારાસભ્ય, કલેક્ટર અને મુખ્યમંત્રી સુધી લેખિત રજૂઆત કરી છે. બીજી તરફ, ખારોલ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીએ આ બાબતે રેકર્ડ તપાસીને નિયમ અનુસાર કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. હાલ તો ખેડૂતો કોઈ હકારાત્મક પગલાં લેવાય તેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

**બોરસદમાં કતલ માટે ૩ વાછરડાં લાવવામાં આવ્યાં**

# ગૌવંશની કતલનુ કાવતરુ : ૩ વાછરડાંને જીવનદાન મળ્યું

**બોરસદ પોલીસે** મહિલા સહિત ત્રણ શખ્સો સામે પશુ ક્રૂરતા અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.૨૯

બોરસદ શહેર પોલીસ સ્ટેશનની ટીમે બકરી ઈદના તહેવારને ધ્યાનમાં રાખીને યોજેલી ફ્લેગમાર્ચ દરમિયાન એક પ્રશંસનીય કામગીરી કરી ગૌવંશની કતલનું રેકેટ પકડી પાડ્યું છે. પોલીસે મકાનની ઓસરીમાં કતલ કરવાના ઈરાદે બાંધી રાખેલા ગૌવંશના વાછરડાઓને મુક્ત કરાવી ધાર્મિક લાગણી દુભાવવાનું મોટું કાવતરું નિષ્ફળ બનાવ્યું છે.

બોરસદ ટાઉન પોલીસને બાતમી મળી હતી કે, ફતેપુરા રોહિતવાસ વિસ્તારમાં રહેતા યાસ્મીનબાનુ મીરઝાએ પોતાના ઘરની ઓસરીમાં કતલ કરવાના ઈરાદે ગૌવંશના વાછરડા છુપાવ્યા છે. પોલીસે તુરંત જ બે પંચોને સાથે રાખીને મકાન પર ઓચિંતો દરોડો પાડ્યો હતો. આ તપાસ દરમિયાન ઓસરીમાં અમાનુષી રીતે ટૂંકા દોરડાથી બાંધેલા ૩ ગૌવંશના વાછરડા મળી આવ્યા હતા.

આ અંગે સ્થળ પર હાજર મહિલાની કડક પૂછપરછ કરતા ચોંકાવનારો ખુલાસો થયો હતો. આ વાછરડા તેણી, તેની બહેન ફરજાનાબાનુ અને ઈમરાનબેગ મીરઝા ભેગા મળીને લાવ્યાં હતાં. આથી, બોરસદ પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરતા અંદાજે ૧૫ હજારની કિંમતના ત્રણેય વાછરડાઓને મુક્ત કરાવ્યા હતાં અને ત્રણેય શખસ સામે પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બોરસદ શહેર અને આસપાસના વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ગૌવંશ કતલને લઈ નેટવર્ક પકડાતું રહે છે.

# આસોદર ગામના તળાવમાં ડૂબી જતાં આધેડનું મોત

**અંડર વોટર** કેમેરા અને બોટની મદદથી મૃતદેહ બહાર કાઢ્યો

(પ્રતિનિધિ) આંકલાવ તા.૨૯

આંકલાવ તાલુકાના આસોદર ગામના કરનેટપુરા વિસ્તારમાં આવેલા તળાવમાં એક વ્યક્તિ ડૂબી જવાની ઘટના બની હતી.

આંકલાવ પોલીસ સ્ટેશન દ્વારા 29મીના રોજ વહેલી સવારે કરમસદ આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના કંટ્રોલરૂમને જાણ કરવામાં આવી હતી કે, આસોદર ગામના કરનેટપુરામાં આવેલ તળાવમાં એક માણસ ડૂબી ગયો છે. આ ઘટનાની ગંભીરતાને જોતા ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના મુજબ આણંદ ફાયર બ્રિગેડની 10 તરવૈયાઓની ટીમ તાત્કાલિક કાર્યરત થઈ હતી.

આ રેસ્ક્યુ ટીમ 'યોધ્ધા' ગાડી, બોટ અને ખાસ 'વોટર અંડર રિસર્ચ કેમેરા' જેવા આધુનિક સાધનો સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. આ ટીમમાં ફાયર ડ્રાઈવર હર્ષિલ પટેલ, લીડિંગ ફાયરમેન સહદેવસિંહ રાઠોડ અને હિતેષ વસાવા, તેમજ ફાયરમેન પરિમલ મંડોડ, અજય ડામોર, અનીશ નિસરતા, શંકર ડામોર, અજીત બારિયા, વનરાજ ડામોર અને એક તાલીમાર્થીનો સમાવેશ થતો હતો. ટીમની જહેમત બાદ તળાવમાંથી મૃતદેહ શોધી બહાર કાઢ્યો હતો. આ અંગે પ્રાથમિક તપાસમાં તળાવમાં ડૂબી જનાર વ્યક્તિની ઓળખ જયંતીભાઈ જેણાભાઇ ગોહેલ (ઉંમર 40 વર્ષ) તરીકે થઈ છે, જેઓ આસોદરના કરનેટપુરા વિસ્તારના જ રહેવાસી હતાં. આ ઘટનાને પગલે સ્થાનિક પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

**વીજ કંપનીની ઘોર નિદ્રા | તંત્રની નિષ્ક્રિયતા સામે લોકોમાં ભારે રોષ**

# ઠાસરામાં વીજ કાપથી ત્રસ્ત પ્રજાનો વીજ કચેરીએ મધરાતે હલ્લાબોલ

**ઉચ્ચ અધિકારીઓએ** ફોન ઉપાડવાનું પણ મુનાસિબ ન માન્યું

(પ્રતિનિધિ) ડાકોર તા. ૨૯

ઠાસરા પંથકમાં વીજ તંત્રની લાપરવાહી અને વારંવાર ઠપ્પ થઈ જતી વીજળીના કારણે રહીશોની ધીરજની કસોટી થઈ રહી છે. ગત રાત્રિના સમયે લાઈટો વારંવાર જવાના ત્રાસથી કંટાળેલા ૧૦૦થી વધુ રહીશોએ ઠાસરા વીજ કંપની કચેરી ખાતે ધસી જઈને ભારે સૂત્રોચ્ચાર સાથે હલ્લાબોલ કર્યો હતો. તંત્રની નિષ્ક્રિયતા એવી છે કે, ચોમાસું કે વાવાઝોડું ન હોવા છતાં લોકોએ અંધારપટમાં રહેવા મજબૂર બનવું પડ્યું છે.

ઠાસરા પંથકમાં રાત્રિ દરમિયાન રોષે ભરાયેલા લોકો કચેરીએ પહોંચ્યા ત્યારે ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આટલી મોટી કચેરી માત્ર એક જ વ્યક્તિ દ્વારા ઓપરેટ થતી હોવાનું સ્પષ્ટપણે જોવા મળ્યું હતું. જ્યારે હાજર કર્મચારીએ પરિસ્થિતિની ગંભીરતા જોઈને પોતાના ઉપલા અધિકારીઓને ફોન કરવા પ્રયાસ કર્યો, ત્યારે અધિકારીઓએ ફોન ઉપાડવાની તસ્દી પણ લીધી ન હતી. આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે ઠાસરા પંથકમાં વીજ તંત્રના જવાબદાર અધિકારીઓ સદંતર નિષ્ક્રિય અને બેજવાબદાર છે.

### ફોલ્ટ શોધવામાં તંત્ર નિષ્ફળ , લોકો પરેશાન



બીજા દિવસે પણ રેલવે ફાટકની બીજી બાજુના વિસ્તારોમાં લાઈટો ન હોવાને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ મામલે ઇલેક્ટ્રિક આસિસ્ટન્ટ ચાવડા જૈવિરસિંહે જણાવ્યું હતું કે, લાઈને લાઈને તપાસ કરવા છતાં ફોલ્ટ પકડાતો નથી. જોકે, સ્થાનિક રહીશો મૌલિક ભાઈ અને રમેશ ભાઈના જણાવ્યા અનુસાર, હાલમાં કોઈ કુદરતી આફત નથી છતાં જીઈબીના ધાંધિયા યથાવત છે.

### અધિકારીઓની સૂચક ચુપકીદી

ઠાસરા ગામના રહીશોનો આક્ષેપ છે કે ન તો સરકારી હેલ્પલાઇન નંબર લાગે છે, ન તો કોઈ કર્મચારી યોગ્ય જવાબ આપે છે. આટલો મોટો હોબાળો થયો હોવા છતાં હજુ સુધી મુખ્ય ઇજનેર નરેશ તળપદા કે અન્ય ઉચ્ચ અધિકારીઓ દ્વારા કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. જવાબદાર તંત્રની આ કાર્યપદ્ધતિને લીધે સમગ્ર પંથકમાં રોષનો જ્વાળા ફાટી નીકળ્યો છે.

# કોઠંબાના વેપારીએ લોનની લાલચમાં 21 હજાર ગુમાવ્યાં

**ગઠિયાએ બેંક** અધિકારી બની પ્રોસેસિંગ ફીના નામે નાણાં પડાવ્યા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૯

કોઠંબામાં કન્યાશાળાની સામે કરિયાણાની દુકાન ચલાવતા ઈદરીશભાઈ શેખને ફેસબુક પર 'અલ ખેયર બેંક' નામની પ્રોફાઈલ પર સસ્તી લોનની જાહેરાત જોઈ સંપર્ક કરતા 21 હજારની છેતરપિંડી થઈ હતી.

કોઠંબાના વેપારીએ સોશ્યલ મિડિયા પર આપેલા નંબર પર સંપર્ક કરતા, સામેવાળા શખ્સે પોતાની ઓળખ બેંક અધિકારી તરીકે આપી હતી. વિશ્વાસમાં લઈને વેપારી પાસેથી આધારકાર્ડ, પાનકાર્ડ અને બેંકની વિગતો વોટ્સએપ પર મંગાવી લીધી હતી. બાદ લોન મંજૂર કરવા માટે વીમો, ફાઈલ ચાર્જ અને પ્રોસેસિંગ ફી જેવા વિવિધ બહાના હેઠળ ક્યુઆર કોડ મોકલી ગૂગલ પે મારફતે કુલ 21,472 ટુકડે-ટુકડે ભરાવ્યા હતા.

આખરે લોન ન મળતા છેતરાયા હોવાનો અહેસાસ થતા વેપારીએ તુરંત સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ કરી હતી. જેને પગલે સાયબર સેલે તાત્કાલિક કાર્યવાહી કરી ઠગોના ખાતામાં રહેલા 5,900 હોલ્ડ (ફ્રીઝ) કરાવ્યા હતા. આથી, ગભરાયેલા ઠગબાજોએ વેપારીને કેસ પાછો ખેંચવા માટે ધમકી પણ આપી હતી. હાલ કોઠંબા પોલીસે મોબાઈલ નંબરના આધારે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### નડિયાદના ફતેપુરામાં ખાતરના સમતોલ ઉપયોગ અંગે જાગૃતિ તાલીમ યોજાઈ



**નડિયાદ** | નડિયાદના ફતેપુરામાં રાસાયણિક ખાતરોના સંકલિત ઉપયોગ અને જમીન ફળદ્રુપતા જાળવવા અંગે ખાસ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને જમીન પરીક્ષણ મુજબ ખાતર વાપરવા અને પર્યાવરણમૈત્રી ખેતી કરવા અનુરોધ કરાયો હતો. આ કાર્યક્રમમાં પીએમ-કિસાન ઇ-કેવાયસી અને સરકારી યોજનાઓની વિસ્તૃત માહિતી સાથે કૃષિ પ્રગતિ એપ્લિકેશન અંગે માર્ગદર્શન અપાયું હતું. આ તાલીમમાં મોટી સંખ્યામાં ખેડૂતો અને પશુપાલકોએ ઉપસ્થિત રહીને ખેતી ખર્ચ ઘટાડવા અંગેનું વૈજ્ઞાનિક માર્ગદર્શન મેળવ્યું હતું.

### કપડવંજમાં આરબીઆઈ અને બેંક ઓફ બરોડા દ્વારા નાણાકીય સાક્ષરતા કાર્યક્રમ યોજાયો



**કપડવંજ** | કપડવંજ તાલુકાના સાલોડ અને ડંકાની મુવાડી ગામે આરબીઆઈ અને બેંક ઓફ બરોડા સંચાલિત આરોહ ફાઉન્ડેશન દ્વારા ગ્રામજનોમાં નાણાકીય જાગૃતિ લાવવા માટે કાર્યક્રમનું સફળ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં રજનીકાંત શ્રીમાળી અને ભગવાન સોઢા દ્વારા પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા, સુરક્ષા વીમા અને અટલ પેન્શન જેવી વિવિધ કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ગ્રામજનોને સુકન્યા યોજના, કે.સી.સી. અને બેંક લોન જેવી સુવિધાઓ વિશે માર્ગદર્શન આપી છેવાડાના માનવી સુધી નાણાકીય જ્ઞાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### વાસદમાં બ્રહ્માકુમારીઝ દ્વારા ૭૦ તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો



**આણંદ** | વાસદના શિવાલય ખાતે બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા ધોરણ 10 અને 12ના આસપાસના ગામોના કુલ 70 જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વાસદ કોલેજના ચેરમેન ભાસ્કરભાઈના હસ્તે 12 સાયન્સમાં પ્રથમ આવનાર કેવિન વાણીયાનું વિશેષ પુષ્પગુચ્છ અને મોમેન્ટોથી બહુમાન કરાયું હતું. આ કાર્યક્રમમાં કોલેજના ટ્રસ્ટીઓ અને અન્ય મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કરવામાં આવ્યો હતો. સંચાલક દીપા દીદીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં વિશ્વશાંતિ મેડિટેશન સાથે વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### અમેરિકાના ઓર્લેન્ડોમાં FOGA ના દ્વિતીય અધિવેશનમાં ચરોતરવાસી ઉમટી પડ્યાં



**આણંદ** | ઓર્લેન્ડો, ફલોરિડામાં ગગજીભાઈ સુતરીયા અને વિવિધ અગ્રણીઓના વરદહસ્તે FOGA ના બીજા અધિવેશનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં સમગ્ર અમેરિકામાંથી ગુજરાતીઓ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે જયેશભાઈ પટેલ, ડો. વાસુદેવ પટેલ, ધર્મેન્દ્રભાઈ પટેલ અને સ્વામિનારાયણ મંદિરના મહંત સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતી સોસાયટી ઓફ સેન્ટ્રલ ફલોરિડાના સહયોગથી આયોજિત આ અધિવેશન દ્વારા અમેરિકામાં વસતા ગુજરાતીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### કપડવંજની ભાઈલાકૂઈ પ્રાથમિક શાળામાં માસિક સ્વચ્છતા દિવસની ઉજવણી કરાઇ




**કપડવંજ** | કપડવંજની ભાઈલાકૂઈ શાળામાં કિશોરીઓમાં જાગૃતિ લાવવા વેકેશનમાં પણ વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થિનીઓએ હાથ પર લાલ ટપકું કરી 'રેડ ડોટ ચેલેન્જ' અંતર્ગત સેલ્ફી લીધી અને માસિક સ્વચ્છતા અંગે જાગૃતિનો સંદેશ આપ્યો હતો. બિનલબેન શર્માના માર્ગદર્શનમાં દીકરીઓએ વિષયને અનુરૂપ પોસ્ટર્સ, ચિત્રો અને ખાસ માસિક બ્રેસલેટ બનાવી પોતાની સર્જનાત્મકતા દાખવી હતી. આ શાળાની મહિલા શિક્ષકોના માર્ગદર્શનથી કિશોરીઓમાં આવેલી અભૂતપૂર્વ જાગૃતિને બિરદાવતા શાળા પરિવારે તમામ દીકરીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### કપડવંજ એસબીઆઈ મુખ્ય શાખા દ્વારા 'માય બ્રાન્ચ માય એમ્બેસેડર' કાર્યક્રમ યોજાયો



**કપડવંજ** | સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા કપડવંજ દ્વારા અભિજીત જોશીના અતિથિ વિશેષ પદે બેન્કિંગ પ્રક્રિયા અને ગ્રાહક સુરક્ષા લક્ષી જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. શાખા પ્રબંધક ભાર્ગવ વર્માએ ગ્રાહકોને માર્ગદર્શન આપ્યું હતું, જેમાં ઉપસ્થિત અગ્રણી નાગરિકોએ બેંકની સેવાઓને બિરદાવી હતી. આ પ્રસંગે સંજયભાઈ ખમણવાળા અને અન્ય ગણમાન્ય મહેમાનોની હાજરીમાં બેંકના સ્ટાફ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે તમામ આમંત્રિત મહેમાનોને શાખા પ્રબંધકના હસ્તે સ્મૃતિચિન્હો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

### નડિયાદની દીકરી નમીરા કાદરીએ સરદાર પેટલ યુનિવર્સિટીમાં પાંચમો ક્રમ મેળવ્યો



**નડિયાદ** | નડિયાદની ટી. જે. પટેલ કોમર્સ કોલેજની વિદ્યાર્થીની નમીરા પરવેઝ કાદરીએ તાજેતરમાં જાહેર થયેલ ટીવાય બીકોમના પરિણામમાં સમગ્ર સરદાર પટેલ યુનિવર્સિટીમાં પાંચમો અને કોલેજમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ અસાધારણ સિદ્ધિ બદલ 'વેલફેર એન્ડ એજ્યુકેશન સોસાયટી' દ્વારા આયોજિત કાર્યક્રમમાં પ્રમુખ મુઝમ્મિલખાન પઠાણ, સેક્રેટરી ઇકબાલ મેમન અને અન્ય મહાનુભાવો દ્વારા નમીરાનું વિશેષ સન્માન કર્યું હતું અને તેની આ સિદ્ધિ સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ અને ગૌરવ સમાન છે.

### આણંદમાં સાવરકર પ્રતિમાના ૨૫મા વર્ષ નિમિત્તે સ્થાપક પ્રમુખ બિપીનચંદ્ર પટેલ દ્વારા અંજલિ અપાઇ



**આણંદ** | આણંદમાં સ્થાપિત સ્વાતંત્ર્યવીર સાવરકરની પ્રતિમાના ૨૫મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે રજત જયંતી વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રતિમાના સ્થાપક પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ) દ્વારા સાવરકરજીને આદરપૂર્વક નમન કરવામાં આવ્યા હતા. તેમણે પ્રતિમા સમક્ષ શ્રદ્ધાસુમન અર્પણ કરી પોતાની ભાવભીની અંજલિ અર્પિત કરી સાવરકરના વિચારોને યાદ કર્યા હતા. આ ગરિમાપૂર્ણ કાર્યક્રમ દ્વારા સાવરકરની પ્રતિમાના ૨૫ વર્ષના સફળ પ્રવાસ અને સ્થાપકના રાષ્ટ્રપ્રેમની ઝલક જોવા મળી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે યૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એવેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભુવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદમાં અધિક માસ નિમિત્તે વાગીશકુમાર મહારાજની નિશ્રામાં છાક લીલાનો મનોરથ યોજાયો



**આણંદ** | આણંદમાં અધિક માસ નિમિત્તે ડો. વાગીશકુમાર મહારાજ અને લાલન વેદાંત કુમાર મહોદયની મંગલમય ઉપસ્થિતિમાં પ્રભુના છાક લીલાના દિવ્ય મનોરથનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કીર્તનકારોએ અષ્ટ સખાના કીર્તનોની રમઝટ બોલાવી હતી, જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવોએ ઉમટી પડી દર્શન અને કેસર સ્નાનનો લ્હાવો લીધો હતો. પૂજ્ય મહારાજશ્રીએ વૈષ્ણવોને અધિક માસનું મહત્વ સમજાવી ગૌસેવા, આરોગ્યલક્ષી કાર્યો અને રાષ્ટ્ર ઉત્કર્ષ માટે સેવાકીય પ્રવૃત્તિઓ કરવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન વૈષ્ણવોએ ઉષ્માભેર સ્વાગત કરી ચરણસ્પર્શનો લાભ લીધો હતો.

### નડિયાદના નવનિયુક્ત મેયર મનીષ પટેલે આણંદ બીએપીએસ મંદિરે દર્શન કર્યાં



**આણંદ** | નડિયાદ મનપાના પ્રથમ મેયર તરીકે ચૂંટાયેલા મનીષ પટેલે આણંદ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લઈ ઠાકોરજીના દર્શન કર્યા હતા. આ પ્રસંગે કોઠારી સંત પૂજ્ય યજ્ઞસેતુ સ્વામી અને વરિષ્ઠ સંત પૂજ્ય ભગવદ્ચરણ સ્વામીએ તેઓનું હાર અને વિજય તિલક સાથે ભાવભીનું સ્વાગત કર્યું હતું. મેયરે સંતોના આશીર્વાદ મેળવી મોં મીઠું કરી શુભેચ્છા સ્વીકારી હતી. મહંત સ્વામી મહારાજ પ્રત્યે અત્યંત શ્રદ્ધા ધરાવતા મનીષ પટેલે કૃતાર્થતા અનુભવી હતી.

### વાસદ એસવીઆઈટી ખાતે AR/VR ગેમ ડેવલપમેન્ટ પર રાષ્ટ્રીય કક્ષાનો વર્કશોપ યોજાયો



**આણંદ** | વાસદ સ્થિત એસવીઆઈટી કોમ્પ્યુટર એન્જિનિયરિંગ અને ડિઝાઇન વિભાગ દ્વારા ઉભરતી AR/VR ટેકનોલોજી પર રાષ્ટ્રીય સ્તરના ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતની વિવિધ સંસ્થાઓના ૪૭ ફેકલ્ટીઓએ યુનિટી અને વુફોરિયા જેવા આધુનિક ટૂલ્સ દ્વારા ગેમ ડેવલપમેન્ટનું પ્રાયોગિક માર્ગદર્શન મેળવ્યું હતું. જેમાં નિષ્ણાતો વિશાલ જરીવાલા અને પ્રત્યુષ શ્રીવાસ્તવ દ્વારા અપાયેલ આ તાલીમમાં પ્રિન્સિપાલ ડો. ડી. પી. સોની અને વિભાગીય વડાઓનું સતત માર્ગદર્શન રહ્યું હતું.